## કમિશનરશ્રી, ઉચ્ચશિક્ષણની કચેરી

## ગ્રામવિદ્યાપીઠ શાખા બ્લોક નં-૧૨/૨,ડો.જીવરાજ મહેતા ભવન

## ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

ક્રમાંક : ગ્રા.વિ./NOC/૨૩/૫૯૩-૯૫
તા. ૦૭ /૧૦/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
વનસેવા મહાવિદ્યાલય બિલપુડી
તા.ધરમપુર, જિ.વલસાડ.

**વિષય :** ખાલી પડેલ બિન શૈક્ષણિક કર્મચારીઓની એન.ઓ.સી. આપવા બાબત...

**સંદર્ભ :** ૧) અત્રેની કચેરીનો પત્રાંક : ગ્રાવિ/ભરતી/૨૦૨૧/૧૫૫૧, તા.૦૪/૦૯/૨૧
૨) શિક્ષણવિભાગનો પત્રાંક : દગજ/૨૦૧૫/૭૭(૧૬) ખ-૧, તા.૨૪/૦૮/૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપની સંસ્થામાં ખાલી પડેલ વહીવટી જગ્યા સરકારશ્રીના નિયમાનુસારના વર્કલોડ જળવાઇ રહે તથા તેમાં સુધારાને આધીન તેમજ વિદ્યાર્થી સંખ્યા જળવાઇ રહે ત્યાં સુધી નીચે દર્શાવેલ વિગત અને શરતોને આધીન ભરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજુર કરવામાં આવેલ જગ્યા | સંખ્યા | પગારધોરણ | કેટેગરી | લાયકાત |
|---|---|---|---|---|---|
| ૦૧ | સિનિયર ક્લાર્ક | ૦૧ (એક) | ફિક્સ પગાર | બિન અનામત | શિક્ષણવિભાગ, ગાંધીનગરના તા.૦૫/૦૭/૧૭ના ઠરાવ મુજબ |
| ૦૨ | શ્રમ સંયોજક | ૦૧ (એક) | ફિક્સ પગાર | બિન અનામત | |
| ૦૩ | ગૃહપતિ | ૦૧ (એક) | ફિક્સ પગાર | બિન અનામત | |

**શરતો :**

1) મંજુર કરેલ જગ્યા માટે શિક્ષણવિભાગ, ગાંધીનગરના તા.૦૫/૦૭/૧૭ના ઠરાવ મુજબની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવારની પસંદગી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબની નિયત પરિક્ષાના મેરિટને આધારે કરવાની રહેશે. અન્યથા મંજુર કરેલ જગ્યાના પગારભથ્થાં ગ્રાન્ટને પાત્ર થશે નહિં.
2) સરકારશ્રીના શિક્ષણવિભાગ, ગાંધીનગરના તા.૨૪/૦૮/૨૦૨૨ના પત્ર મુજબ સદર એન.ઓ.સી. વાળી જગ્યા પર ઉમેદવાર ઉપલબ્ધ થયેથી સૌપ્રથમ જગ્યા એબેયન્સ મુક્ત કરવાની દરખાસ્ત રજુ કરવાની રહેશે તથા સક્ષમ કક્ષાએથી જગ્યા એબેયન્સ મુક્ત કરવા અંગેની મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણૂંક આપવાની કાર્યવાહી કરવાની રહેશે.
3) ઉમેદવાર સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવક્રમાંક : સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા /ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ હોવા જોઇશે. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન

E-mail : pension.ss-che@gujgov.edu.in phone-07923253995.

ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટર બેઝીક નોલેજની પરિક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરી શકશે.

4) સંસ્થાના ટ્રસ્ટીઓના નજીકના સગાસંબંધીઓ દ્વારા ઉમેદવારી નોંધાવેલ હોય તો ભરતી પરિક્ષા પૂર્વે તેની જાણ અત્રેની કચેરીને અવશ્ય કરવાની રહેશે.

5) મંજુર કરેલ જગ્યા માટેની જાહેર ખબર અત્રેની કચેરી ખાતે ચકાસણી કરાવ્યા બાદ બહોળી પ્રસિદ્ધી ધરાવતા (સમગ્ર રાજ્યની આવૃતિવાળા) અગ્રગણ્ય વર્તમાનપત્રમાં આપવાની રહેશે. તથા આપના જિલ્લાની રોજગાર કચેરી ખાતેથી આ સંવર્ગની નિયમોનુસારની લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી મેળવવાની રહેશે. અને આવા ઉમેદવારોને ભરતી કાર્યવાહીમાં સમાન તક મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

6) જાહેર ખબરમાં શૈક્ષણિક લાયકાત/અનુભવ તથા પગારધોરણ સરકારશ્રી દ્વારા નિયત કરેલ અને પ્રવર્તમાન નિયમાનુસાર જે અમલમાં હોય તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

7) વર્ગ-૩ (બિન શૈક્ષણિક)ની જગ્યાની જાહેરાતમાં દર્શાવેલ અરજીઓ મંગાવવાની મુદત સુધીમાં આવેલ કુલ અરજીઓ પૈકી નિયમોનુસારની લાયકાત ધરાવતા ઉમેદવારોની પ્રમાણિત યાદી તથા અમાન્ય ઠરાવવાના કારણો સાથે અમાન્ય ઠરાવેલ ઉમેદવારોની અરજીની પ્રમાણિત યાદી તથા જાહેર ખબરોની પ્રમાણિત નકલો દિન-૧૫(પંદર)માં રજિસ્ટર એ.ડી. પત્રથી આ કચેરીને રજુ કરવાની રહેશે.

8) સરકારશ્રીના શિક્ષણવિભાગ, ગાંધીનગરનાં તા.૩૧/૦૮/૨૦૧૯ના પત્ર ક્રમાંક : ગઉશ/૨૦૧૮/૫૦/ખ-૧ મુજબ સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે લાયકાતના ધોરણો, ઉંમર લેખિત પરિક્ષાનો અભ્યાસક્રમ, પરિક્ષાનું માળખું વિગેરે બાબતે સામાન્ય વહિવટ વિભાગ/ નાણાવિભાગ અને ગૌણ સેવા પસંદગી મંડળ તથા સંસ્થાને સંલગ્ન યુનિવર્સિટી દ્વારા નક્કી થયેલ પ્રવર્તમાન નિયમો મુજબ ગ્રામવિદ્યાપીઠ કક્ષાએ લેખિત પરીક્ષાનું આયોજન કરી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

9) સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તથા સંસ્થાને સંલગ્ન યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો મુજબ ભરતીપ્રક્રિયા કરવાની રહેશે.

10) ભરતીપ્રક્રિયાની સમગ્ર કાર્યવાહી માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પ્રતિનિધિશ્રીની ભરતીસમિતીમાં નિયુક્તિ કરવાની રહેશે. તથા સંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પ્રતિનિધિશ્રીના નામની માંગણી હેતુ અત્રેની કચેરીને અલાયદી દરખાસ્ત કરવાની રહેશે.

11) મંજુર થયેલ જગ્યાઓ માટે તમામ ઉમેદવારોની ભરતી પરિક્ષાનું સંપુર્ણ સંચાલન સી.સી.ટી.વી. કેમેરાની દેખરેખ હેઠળ કરવાનું રહેશે. તથા સંસ્થાએ સમગ્ર પરિક્ષાના સી.સી.ટી.વી. રેકોર્ડીંગનો સુરક્ષિત રીતે સંગ્રહ કરવાનો રહેશે. તથા ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીને પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંકની પૂર્વમંજુરી માટે દરખાસ્ત કરવામાં આવે તે સાથે સમગ્ર રેકોર્ડીંગ મોકલવાનું રહેશે.

12) ભરતી બાબતે સંસ્થા દ્વારા વખતોવખત કરવામાં આવનાર કાર્યવાહી/પ્રક્રિયા (જાહેરાત થી લઇ નિમણૂંક સુધી) ગુણવતા આધારિત, વિશ્વસનીય અને પારદર્શક રીતે થાય તે મુજબ વ્યવસ્થા ગોઠાવવાની રહેશે. ઉપરાંત તમામ ઉમેદવારો જાણી શકે તે માટે સમગ્ર ભરતીપ્રક્રિયા પારદર્શક રીતે થાય તેનો પ્રબંધ સંબંધિત સંસ્થા દ્વારા કરવાનો રહેશે.

13) ભરતી અંગેની તમામ કાર્યવાહી સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ પ્રવર્તમાન નીતિ નિયમો પ્રમાણે કરવાની રહેશે. ભરતી સંબંધિત તમામ રેકર્ડ જેવું કે, જાહેરાત, આવેલ અરજીઓ, આવેલ અરજીઓનું રજિસ્ટર, પરિક્ષા માટે મોકલેલ કોલલેટર અંગેનું રજિસ્ટર, ભરતી પરિક્ષાઓની ગુણાંકનની યાદી તથા

સંયુક્ત મેરિટની યાદી, નિમણૂંક હુકમો વગેરે અદ્યતન સ્થિતિએ કાયમી રેકર્ડ તરીકે સંસ્થામાં રાખવાના રહેશે.

14) મેરિટ યાદીને આધારે પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંકની પુર્વમંજુરી ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી પાસેથી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવાનો રહેશે.

15) નિમણૂંકની પૂર્વમંજુરી માટે જરૂરી સાધનિક પત્રકો, જાહેર ખબરોના અસલ દૈનિક પત્રો, ભરતી પરિક્ષાઓની ગુણાંકનની યાદી તથા સંયુક્ત મેરિટની યાદી સહિત અન્ય જરૂરી સાધનિક કાગળો/દસ્તાવેજો સાથે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીને દરખાસ્ત કરવાની રહેશે.

16) ભરતીપ્રક્રિયાનું તમામ રેકર્ડ વ્યવસ્થિત રાખવાનું રહેશે. પસંદગી પામેલ ઉમેદવારની પૂર્વ મંજુરી / બહાલી ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી પાસેથી મેળવીને નિયમોનુસાર નિમણૂંક આપવાની રહેશે.

17) આ મંજુર જગ્યા મંજુર કર્યાની તારીખથી ૦૧ (એક) વર્ષ સુધી જ એન.ઓ.સી. ચાલુ રહી શકશે. જો આ સમયગાળા દરમિયાન ભરતી પ્રક્રિયા પુર્ણ ન થાય તો આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે.

18) સ્ટાફીંગ પેટર્ન અંગે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી દ્ધારા જે સુધારા વધારા સુચવવામાં આવે તે સંસ્થાને બંધનકર્તા રહેશે તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા રહેશે.

19) નાણાવિભાગના તા.૧૮/૦૧/૧૭ના ઠરાવક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ ની જોગવાઇઓ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર આપવાનો રહેશે તથા વધારાના કોઇ જ પ્રકારના ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

20) ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમિયાન સા.વ.વિ. ના તા.૩૦/૦૯/૨૦૦૬ના ઠરાવક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક ની જોગવાઇઓ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની પરિક્ષા પાસ કરવાની રહેશે.

21) આ એન.ઓ.સી. મુજબની સંબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઇ શારીરિક યોગ્યતા, ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિકત્વ સંબંધિત શરતો, અજમાયશી સમયગાળા અંગેની શરત, નિયોક્તાની પૂર્વ સંમતિ, નિમણૂંક બાદ ખાતાકીય પરિક્ષા વગેરે સંબંધે સંસ્થા/યુનિવર્સિટી/રાજ્ય સરકારમાં જોગવાઇ કરવામાં આવેલ ન હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ નાં ભાગ-૩ અને ભાગ-૪ માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાનાં રહેશે.

22) પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુતમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઇપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહીં તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં

23) આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણાવિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી તથા તેને આનુષાંગિક ઠરાવોની જોગવાઇઓને આધિન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવાની રહેશે.

24) જે ગ્રામવિદ્યાપીઠ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઇ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણૂંક પામેલા કર્મચારીઓને છુટા કરવામાં આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

25) આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

26) આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમિયાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહીં. તે સિવાય અન્ય કોઇ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

27) આ જગ્યા પર નિમણૂંક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજિયાત રહેવાનું રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્યમથક છોડી શકાશે નહીં.

28) આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણવિભાગ દ્વારા તા.૨૧/૦૪/૯૪ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચારસંહિતાના તમામ નિયમોનું સંપુર્ણપણે પાલન કરવાનું બંધન કર્તા રહેશે. જે અંગેનું ઉમેદવારનું સંમતિપત્ર સંસ્થાએ નિમણૂંક આપતા પહેલા મેળવવાનું રહેશે.

29) આ એન.ઓ.સી. સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા એન.ઓ.સી. ની શરતોમાં ફેરફાર કરવાનો હક્ક તથા પૂર્વ મંજુરી સમયે ઉમેદવારનાં સંદર્ભે રાજ્ય સરકારનાં પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઇઓ ને આધિન શરતો નક્કી કરવાનો હક્ક ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો રહેશે.

30) નિમણૂંક પામેલ કર્મચારીની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત ના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિવર્સિટી/રાજય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજુરી/પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ કરી શકાશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચૂક કરવાની રહેશે.

31) પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહીં.

32) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

33) ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર સંબંધિત સંસ્થાએ મેળવવાનું રહેશે.

<u>નોંધ પરના માન. નિયામકશ્રીના આદેશાનુસાર</u>

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :**

- પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગ્રામસેવા સભા ધરમપુર ટ્રસ્ટ તા.ધરમપુર, જિ.વલસાડ.

**નકલ સવિનય જાણ સારૂ રવાના :**

- સેકશન અધિકારીશ્રી, ખ-૧ શાખા, શિક્ષણવિભાગ, ગાંધીનગર.

વનસેવા મહા વિદ્યાલય, બીલપુડી
તા ધરમપુર જિ વલસાડ
જાવક નં. ૨૦
આ તા ૯-૧૦-૨૩
સહી. MO